પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૩૩ | ૨૨ જુલાઈ, ૨૦૨૩, શનિવાર; અધિક શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હાવડામાં વર્ષો જૂના માર્કેટમાં પ્રચંડ આગ

**આગમાં ૮૦૦-૧૦૦૦ દુકાનો ખાક : માર્કેટમાં ૫૦૦૦ થી વધુ દુકાનો છે : સ્થાનિક દુકાનદારોનું કહેવું છે કે આગ આયોજનપૂર્વક લગાડવામાં આવી છે : આગ બુઝાવવા માટે ૧૮ ફાયર એન્જિન ઘટનાસ્થળે હાજર**



હાવડા, તા.૨૧

પશ્ચિમ બંગાળથી ફરી એકવાર ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળના હાવડામાં એક માર્કેટમાં આગ લાગી હતી.

આગની ઘટનામાં જણાવવામાં આવી રહ્યું છે કે ૮૦૦-૧૦૦૦ દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે. આ માર્કેટમાં ૫૦૦૦ થી વધુ દુકાનો છે. સ્થાનિક દુકાનદારોનું કહેવું છે કે આગ આયોજનપૂર્વક લગાડવામાં આવી છે. કેટલાક લોકોએ અંગત અદાવત રાખીને આ આગ લગાડી હોવાની વાત સામે આવી છે.

તેઓ કહી રહ્યા છે કે દુકાનની માલિકીનો મામલો વર્ષોથી ચાલી રહ્યો છે. એક દુકાનદારે જણાવ્યું કે માર્કેટમાં ઓછામાં ઓછી એક હજાર દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે. આગ બુઝાવવા માટે ૧૮ ફાયર એન્જિન ઘટનાસ્થળે હાજર છે. આગ બુઝાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે જેથી આગ માર્કેટની અન્ય દુકાનોમાં ના ફેલાય.

હાવડા પોલીસ સ્ટેશન હેઠળના ૧૮ નંબર નિત્યાનંદ

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભૂસ્ખલનથી ૧૬ના કરૂણ મોત

**૧૦૦થી વધુ ગ્રામજનો ફસાઈ ગયા હોવાની આશંકા : એનડીઆરએફ તેમજ અન્ય એજન્સીઓ રાહત બચાવ કાર્યમાં જોડાઈ છે સતત વરસતા વરસાદના કારણે રેસ્ક્યૂમાં પણ અડચણ ઉભી થઈ રહી છે**

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રમાં બુધવારે રાતે આ વર્ષની સૌથી મોટી કુદરતી આફત આવી પડી હતી. ૧૫ ઈંચ કરતાં વધારે વરસાદના કારણે થયેલા ભારે ભૂસ્ખલને રાયગઢ જિલ્લાના સહ્યાદ્રિ રેન્જના તલહટીમાં ઈરશાલવાડી નામના એક અંતરિયાળ આદિવાસી ગામને નષ્ટ કરી દીધું હતું. પુણેથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની (એનડીઆરએફ) પાંચમા બટાલિયનની ચાર ટીમ પોતાના કમાન્ડિંગ ઓફિસર એબી સિંહના નેતૃત્વમાં અન્ય રાહત એન્જન્સીઓ સાથે ત્યાં રાહત-બચાવની કામગીરીમાં લાગી ગઈ છે. ગામમાં પહોંચવા માટેના રસ્તા પર તૂટી ગયા છે. બચાવકર્મીઓએ ૧૬ મૃતદેહને બહાર કાઢ્યા હતા અને આશરે ૧૦૦ લોકો ફસાયા હોવાની આશંકા છે. કર્જતની નજીકની ડુંગરાળ વસાહતમાં ૪૮ ઘર હતા અને ત્યાંના રહેવાસીઓ પશુપાલન તેમજ ખેતીકામ પર નિર્ભર હતા.



અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૮૮ ગ્રામજનો બચી ગયા હોવાનું માનવામાં આવે છે. તો કરજતના સબ ડિવિઝન ઓફિસર અજીત નૈરાલેએ જણાવ્યું હતું કે '૧૮ પરિવારના ઘરોને નુકસાન થયું છે અને અન્ય સાતને આંશિક રીતે નુકસાન થયું છે'. અવિરત વરસાદના કારણે બચાવ

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનથી મણિપુર સુધી ધરતીકંપના આંચકા

**જયપુરમાં એક કલાકમાં ૩ વાર ધરતી ધણધણી : જયપુરમાં સવારે એક કલાકમાં ત્રણ વાર ભૂકંપના ઝટકા અનુભવાયા તેની તીવ્રતા અલગ અલગ માપવામાં આવી હતી**

નવી દિલ્હી, તા.૨૧

રાજસ્થાનથી લઈને મણિપુર સુધી શુક્રવાર સવારે ભૂકંપના ભારે ઝટકા અનુભવાયા હતા. એક તરફ રાજસ્થાનમાં વારંવાર ભૂકંપના ઝટકા આવી રહ્યા છે, તો બીજી તરફ મણિપુરમાં પણ ભૂકંપ આવ્યો હતો. રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક કલાકમાં ત્રણ વાર ધરતી ડોલી હતી અને ભૂકંપના ઝટકાથી ડરેલા લોકો ઘરની બહાર ભાગતા દેખાયા હતા. જયપુર સહિત આજૂબાજૂના વિસ્તારમાં ભૂકંપના ઉપરાઉપરી આંચકા અનુભવાયા હતા.જયપુરમાં રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ક્રમશઃ ૩.૧, ૩.૪ અને ૪.૪ માપવામાં આવી હતી. હાલમાં કોઈ નુકસાનના સમાચાર આવ્યા નથી.

જયપુર શહેરમાં શુક્રવાર એટલે કે આજે સવારે એક કલાકની અંદર ત્રણ વાર ભૂકંપના ઝટકા અનુભવાયા હતા અને ત્રણ વાર તેની તીવ્રતા અલગ અલગ માપવામાં આવી હતી. જયપુરમાં સૌથી લેટેસ્ટ ભૂકંપના ઝટકા સવારે ૪ કલાકને ૨૫ મિનિટ પર અનુભવાયા હતા. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૪ હતી. નેશનલ

● અનુસંધાન પાન-૭ પર

## જ્ઞાનવાપીનો એએસઆઈ સર્વે કરવા કોર્ટ દ્વારા મંજૂરી અપાઈ

**૪ ઓગસ્ટ સુધીમાં સર્વે માટે એક ટીમ બનાવવાનો, કોઈ નુકસાન પહોંચાડ્યા વિના વૈજ્ઞાનિક રીતે વજુ સ્થળ સિવાયના પરિસરનો સર્વે કરવા કોર્ટનો આદેશ**

વારાણસી, તા.૨૧

વારાણસીમાં, કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલા જ્ઞાનવાપી સંકુલના સર્વેક્ષણ માટેના આદેશ પર મુસ્લિમ પક્ષને મોટો ઝટકો લાગ્યો છે.



વારાણસીના જિલ્લા ન્યાયાધીશની અદાલતે વુજુ સ્થળ સિવાય જ્ઞાનવાપીના અન્ય પરિસરનો એએસઆઈ સર્વે કરાવવાની માંગને મંજૂર કરી છે. આ પહેલા શિવલિંગના વૈજ્ઞાનિક સર્વેક્ષણના આદેશ પર સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી સુધી રોક લગાવી દીધી છે. આવી સ્થિતિમાં વજુખાના સિવાયના વિસ્તારનો સર્વે કરી શકાય. જિલ્લા ન્યાયાધીશ ડૉ. અજય કૃષ્ણ વિશ્વેશની અદાલતે ૧૪ જુલાઈના રોજ આ મામલે સુનાવણી પૂર્ણ કર્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો.

કોર્ટે એએસઆઈના ડાયરેક્ટરને સર્વે કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, તેઓએ કોઈ નુકસાન પહોંચાડ્યા વિના વૈજ્ઞાનિક રીતે સર્વે કરાવવો જોઈએ. કોર્ટે એએસઆઈના ડાયરેક્ટરને ૪ ઓગસ્ટ સુધીમાં સર્વે માટે એક ટીમ બનાવવાનો આદેશ આપ્યો છે. હિન્દુ પક્ષ કોર્ટના નિર્ણયને પોતાની મોટી જીત ગણાવી રહ્યું છે.

આ મામલે ૧૪ જુલાઈએ વારાણસીના પ્રસિદ્ધ શ્રૃંગાર ગૌરી-જ્ઞાનવાપી કેસમાં મસ્જિદનો સર્વે કરાવવાની અરજી પર સુનાવણી પૂર્ણ થઈ હતી. ત્યારબાદ જિલ્લા ન્યાયાધીશે ચુકાદો અનામત રાખ્યો હતો.

## રાહુલ સામે માનહાની કેસમાં ૪ ઓગસ્ટે સુનાવણી થશે

**સુપ્રીમકોર્ટે આ મામલે પૂર્ણેશ મોદીને પણ નોટિસ ઈશ્યૂ કરી હતી, તેમને ૧૦ દિવસમાં જવાબ આપવા પણ નિર્દેશ**

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટ આજે મોદી સરનેમ ટીપ્પણી સંબંધિત માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર સુનાવણી કરી હતી. સુપ્રીમકોર્ટે આ મામલે પૂર્ણેશ મોદીને પણ નોટિસ ઈશ્યૂ કરી હતી. તેમને ૧૦ દિવસમાં જવાબ આપવા પણ નિર્દેશ આપ્યો છે. આ સાથે ગુજરાત સરકારને પણ સુપ્રીમકોર્ટે નોટિસ ઈશ્યૂ કરી છે. રાહુલ ગાંધીએ એવી દલીલ કરી હતી કે વાયનાડમાં ગમે ત્યારે પેટાચૂંટણીની જાહેરાત થઈ શકે છે. હવે આ મામલે આગામી સુનાવણી ૪ ઓગસ્ટે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધીની સજા પર સ્ટે મૂકવાની અરજીને ફગાવી દીધી હતી. આ પછી પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ પીકે મિશ્રાની બેંચ આ મામલે સુનાવણી કરી હતી.

## શ્રીલંકામાં પણ હવે યુપીઆઈથી પેમેન્ટ માટે ભારતના કરાર થયા

**શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે મોદીને મળ્યા : શ્રીલંકામાં યુપીઆઈ સ્વીકૃતિ માટે નેટવર્ક-ટુ-નેટવર્ક કરાર બાદ વડાપ્રધાને કહ્યું આ કરારથી ફિનટેક કનેક્ટિવિટી વધશે**

નવી દિલ્હી, તા.૨૧

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે બે દિવસની ભારત મુલાકાતે આવ્યા છે. તેમણે શુક્રવારે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જેમાં અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્યારપછીની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વિક્રમસિંઘેએ કટોકટીના સમયમાં ભારતને મદદ કરવા બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં ભારત ખૂબ જ વિકાસ કરી રહ્યું છે.



રાનિલ વિક્રમસિંઘે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. પીએમ મોદી ઉપરાંત વિક્રમસિંઘે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને પણ મળ્યા હતા. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે મુલાકાત કરવાના છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિએ પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી હતી. આ દરમિયાન અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ સાથે બંને દેશો વચ્ચે અનેક સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આમાંનો એક કરાર શ્રીલંકામાં યુપીઆઈસ્વીકૃતિ માટે નેટવર્ક-ટુ-નેટવર્ક કરાર માટેનો છે.

પીએમમોદીએ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં સ્વાગત કર્યું. તેમણે રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને આજે કાર્યાલયમાં એક વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. વડાપ્રધાને કહ્યું કે,ગત એક વર્ષ શ્રીલંકાના લોકો માટે પડકારોથી ભરેલું રહ્યું છે. એક નજીકના મિત્ર તરીકે, હંમેશની જેમ, અમે આ કટોકટી દરમિયાન શ્રીલંકાના લોકોની પડખે ઊભા છીએ અને તેમણે જે હિંમત સાથે આ પડકારોનો સામનો કર્યો છે તેના માટે હું તેમને અભિનંદન આપું છું.

## મહિલાઓ સાથે દુષ્કર્મ કરનાર આરોપીનું ઘર સળગાવી દેવાયું

**આરોપીના ઘરને તેના જ ગ્રામજનોએ આગ લગાવી**



ઈમ્ફાલ, તા.૨૧

મણિપુરમાં હિંસા ફાટી નીકળ્યા બાદ બે મહિલાઓ સાથે જાહેરમાં દુષ્કર્મ કરનાર મુખ્ય આરોપીના ઘરને તેના જ ગ્રામજનોએ આગ લગાવી દીધી હતી. મણિપુરનો વીડિયો વાયરલ થયા બાદ દેશભરમાં ગુસ્સો જોવા મળ્યો હતો. હવે આરોપીના જ સમાજના લોકો પણ ખુલ્લેઆમ આરોપીનો વિરોધ કરી રહ્યા છે. મહિલાને તોડફોડ કરનારા લોકો મૈતાઈ સમુદાયના છે અને જેમણે તેના ઘરને આગ લગાવી છે તે પણ આ જ સમુદાયના છે.

વાયરલ વીડિયોમાં, પોલીસે બે મહિલાઓને નગ્ન કરીને જાહેરમાં ક્રૂરતા કરનારા ચાર લોકોની ધરપકડ કરી છે. જેમાંથી મુખ્ય આરોપી હુરેમ હેરોદાસ પણ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. હેરોદના ઘરની પડોશમાં રહેતા લોકોને આ વાતની જાણ થતાં તેઓ તેના ઘરને સળગાવવા પહોંચ્યા. મળતી માહિતી મુજબ, આરોપીનું ઘર નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશન હેઠળના પેચી અવાંગ લિકાઈમાં છે.

બે દિવસ પહેલા વાયરલ થયેલા વીડિયોમાં હેરોદાસ બે મહિલાઓ સાથે ક્રૂરતા આચરતો જોવા મળ્યો હતો. હવે તેના ઘરને આગ લગાડનારાઓમાં મોટાભાગની મહિલાઓ પણ છે. તે મહિલાઓનું કહેવું છે કે તેઓ મેતાઈ સમુદાયની હોવા છતાં પણ આ પ્રકારની ક્રૂરતાને સમર્થન આપતા નથી.

બીજી તરફ ૪ મેના રોજ મેટાઈ સમુદાયના ટોળા દ્વારા કુકી સમાજની બે મહિલાઓને નિર્વસ્ત્ર કરીને ગામની આસપાસ પરેડ કરવામાં આવી હતી અને તોડફોડ કરી હતી.

## શેરબજારમાં બ્લેક ફ્રાઈડે, સેન્સેક્સમાં ૮૮૮ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો

**શેરબજારમાં છ દિવસની તેજીને જોરદાર બ્રેક : નિફ્ટીમાં ૧૯૯ પોઈન્ટનો ઘડાટો થયો, રોકાણકારોની સંપત્તિ ઘટીને ૩૦૨.૪૩ લાખ કરોડ થઈ ગઈ**

મુંબઈ, તા.૨૧

સપ્તાહનો અંતિમ કારોબારી દિવસ ભારતીય શેરબજાર નિરાશાજનક રહ્યો. શેરબજારમાં છ દિવસથી ચાલી આવતી તેજી પર આજે બ્રેક લાગી હતી. આજે માર્કેટમાં ૮૫૦થી વધુ પોઈન્ટનો કડાકો બોલતાં રોકાણકારોમાં ફફડાટ ફેલાયો હતો. વૈશ્વિક દબાણની અસર આજે ઘરેલું શેરબજાર પર પણ જોવા મળી હતી. પરિણામ પહેલા રિલાયન્સના શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.



ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ આજે ૮૮૭.૬૪ પોઈન્ટના ઘટાડા સાથે ૬૬,૬૮૪.૬૪ પોઈન્ટ અને નિફ્ટી ૧૯૯.૩ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯૭૭૯.૮૫ પોઈન્ટ પર બંધ રહ્યા. આજના ઘટાડા બાદ રોકાણકારોની સંપત્તિ ઘટીને ૩૦૨.૪૩ લાખ કરોડ થઈ છે.

શેરબજારમાં ઘટાડાનું સૌથી મોટું કારણ આઈટી સેક્ટરની મુખ્ય કંપની ઈન્ફોસિસ છે. તેના પરિણામની અસર બજાર પર જોવા મળી રહી છે. ઈન્ફોસિસ વર્તમાન નાણાકીય વર્ષ માટે રેવન્યૂ ગાઈડેંસ ૪-૭ ટકાથી ઘટાડી ૧-૧.૩૫ ટકા કરી છે. આ ઘટાડો બજારના આશા કરતાં ઘણો વધારે છે. આ કારણે આઈટી શેર સહિત શેરબજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

**વેચવાનો છે**

ભાઈજીપુરા PDPU રોડ પર 3 BHK ૧૮૦ વારનો ફુલ્લી ફર્નીચર સાથે ફ્લેટ વેચવાનો છે

સમય રવિવારે સવારે ૧૦ થી સાંજે ૬

મો. ૯૯૨૪૦ ૬૬૪૮૧

**LED TV રીપેરીંગ**

Sony, LG, SAMSUNG, Panasonic

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**

15g પ્રોટીન

₹27*/500 mL

અમૂલ ગાયનું દૂધ




Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.